RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૭૦૦, તા.૨૧–૩–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદની તા.૧૮–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) જુની. ઈજનેર તુષાર પટેલ ૧૯૯૬ માં એસ.એમ.સી.માં નોકરી પર જોડાયા પછી કયા કયા ડીપાર્ટમેન્ટમાં નોકરી કરી છે અને કયા કયા હોદ્દા પર રહી નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો (૨) તુષાર પટેલ કયા કયા ઝોનમાં શહેરી વિકાસ ખાતામાં કામ કરેલ છે અને દરેક જગ્યા પર કેટલા મહિના નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧) થી (૧૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૦ /૨૦૧૧–૧૨

શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદની તા. ૧૮–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) જુની. ઈજનેર તુષાર પટેલ ૧૯૯૬ માં એસ.એમ.સી.માં નોકરી પર જોડાયા પછી કયા કયા ડીપાર્ટમેન્ટમાં નોકરી કરી છે અને કયા કયા હોદ્દા પર રહી નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો (૨) તુષાર પટેલ કયા કયા ઝોનમાં શહેર વિકાસ ખાતામાં કામ કરેલ છે અને દરેક જગ્યા પર કેટલા મહિના નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧) થી (૧૨)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને ઈ.ચા.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આઉટ નં./ ૨૬૧૭ તા. ૧૩–૩–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી માટે નમૂના–'ખ' ના પત્રક વિના, નકલના વિવરણ વિના પાઠવેલ પત્ર અંગે સ્પષ્ટતા સહ નકલનું વિવરણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૧૧ તા. ૨૯–૩–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) , ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ) તથા અરજદારને મુદ્દા નં. ૧૦ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર તપાસણી માટે ગયેલ કે કેમ ? તે સામે મુદ્દા નં. ૧ અંગે તપાસણીની કોઈ રજુઆત કરેલ કે કેમ ? તે વિગત સહ તેમનો પક્ષ રજૂ કરવા સાથે જો અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો મુદ્દાવાર, આધાર સહ તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૪ તા. ૨–૪–૧૨ થી પૂરક વિગતોમાં પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૦૦ તા. ૨૯–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગને મુદ્દા નં.૬ અંગે તથા જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારીને મુદ્દા નં.૯ અંગે અરજી તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૦૫ તા. ૧૩–૩–૧૨ થી નાણા ભરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૨૪૧૨ તા. ૨૧–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા ટ્રાફીક સેલને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીક સેલ/ આ.નં૨૮ તા. ૫–૪–૧૨ થી પૂરક

વિગતોમાં ફી ભર્યાની રસીદની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટ્રાફીક સ ેલ/આ.નં.૨૩૧૦ તા. ૨૨–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૦ તા. ૫–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, તા.૮–૧૧–૯૬ ના રોજની શ્રી પટેલ તુષારભાઈ ગુલાબભાઈની ટેકનીકલ સુપરવાઈઝરની ઉંમર અંગેના મેડીકલ ઓફિસરના પ્રમાણપત્રની નકલ, સર્વીસબુકની પ્રથમ ત્રણ પાનાની નકલ, , અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/૮૮૫૧ તા. ૧૭–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫ તા. ૩–૪–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજી નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૬૧૭ તા. ૧૩–૩–૧૨ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૬૫૯ તા. ૧૭–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૪૪૦ તા. ૧૭–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૧ તા. ૯–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રન નકલ, પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૮૫૧ તા. ૧૭–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૨–૧૨ ની અરજીથી તુષાર ગુલાબભાઈ પટેલ (જુની. ઈજનેર) સેન્ટ્રલઝોન કર્મ. નં.૩૪૦૫૬ તા. જે ૧૯૯૮ થી એસએમસીમાં નોકરી કરછે તેની મુદ્દા નં. ૧ થી ૧૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૨૪૧ ૨ તા. ૨૧–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, કતારગામઝોન તથા ટ્રાફીક સેલને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૦૦ તા. ૨૯–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૬ અંગે વીજીલન્સ ને જયારે મુદ્દા નં.૯ અંગે ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૨૦૫ તા. ૧–૩–૧૨ થી નિયતમાં નાણા ભરી માહિતી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૫૧ તા. ૯–૩–૧૨ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૬૧૭ તા. ૧૩–૩–૧૨ થી નિયમ સમય અવધિમાં ૪,૯,૧૦ અને ૧૨ ની માહિતી તથા પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૬૫૯ તા. ૧૭–૩–૧૨ થી નિયમ સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી નોર્થઝોન/આરટીઆઈ/આ.નં. નં.એન.ઝેડ/૮૮૫૧ તા. ૧૭–૩–૧૨ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી નં.વીઆઈ ડી/આ.નં.૨૪૪૦ તા. ૧૭–૩–૧૨ થી મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીક સેલ/આ.નં.૨૩૧૦ તા. ૨૨–૩–૧૨ ની મુદ્દા નં.૧ અને ૨ થી ૧૨ ની નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના

મુદ્દા નં. (૧) જુની. ઈજનેર તુષાર પટેલ ૧૯૯૬ માં એસ.એમ.સી.માં નોકરી પર જોડાયા પછી કયા કયા ડીપાર્ટમેન્ટમાં નોકરી કરી છે અને કયા કયા હોદ્દા પર રહી નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી મનપામાં નોકરીમાં જોડાયા પછી તા. ૨–૧૨–૧૯૯૯ થી તા. ૦૫–૧૨–૦૩ સુધી ટ્રાફીક સેલ શાખામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતાં. તેવું જણાવેલ છે. મુદ્દા.નં.૨ થી ૧૨ ટ્રાફીક સેલ ખાતાને લાગુ પડતા નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી મજકુર કર્મચારીએ નોર્થઝોનના કાર્યક્ષેત્રમાં તા. ૬–૧–૦૩ થી તા. ૧૫–૧–૦૭ ના સમયગાળામાં સુપરવાઈઝર તરીકે પાણીખાતામાં ફરજ બજાવેલ છે. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોને અરજદારને મુદ્દા નં.૪ માં આપેલ વિગતમાં જુની. ઈજનેર તુષાર પટેલ ધ્વારા તા. ૧–૬–૦૮ થી આજ દિન સુધી સેન્ટ્રલઝોનમાં ફરજ બજાવ્યાનું વિગતો પરથી જણાવેલ છે.

(૨) તુષાર પટેલ કયા કયા ઝોનમાં શહેર વિકાસ ખાતામાં કામ કરેલ છે અને દરેક જગ્યા પર કેટલા મહિના નોકરી કરી છે તેની વિગતવાર માહિતી આપશો.

મુદ્દા નં.૩ તુષાર પટેલ સેન્ટ્રલઝોનમાં રહી જુની. ઈજનેર તરીકે કયા કયા વોર્ડમાં ફરજ નિભાવી છે અને તેનો પગાર વાર્ષિક ધોરણે કેટલું છે તેની જાણ કરતી માહિતી આપશો.

મુદ્દા નં.૪ તુષાર પટેલે સેન્ટ્રલઝોનમાં શહેર વિકાસ ખાતામાં રહી એના સુપર વિઝનમાં કયા કયા વોર્ડમાં કેટલી મિલ્કતોના પ્લાન પાસ કરેલ છે તેની વિગતવાર માહિતી યાને મિલ્કત નંબર, રજાચિઠ્ઠી કોના નામે આપી છે કેટલા

માળનું બાંધકામ પાસ કરેલ છે પાર્કીંગ, માર્જીન તથા બીપીએમસી એકટ હેઠળ જોઈતા તમામ પુરાવા કે જે મિલ્કતદારે રજાચિઠ્ઠી મેળવવા માટે સેન્ટ્રલઝોનમાં જમા કરાવેલ છે તે તમામ ડોકયુમેન્ટ ની કોપી વાળી માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી જુ. ઈજનેર તુષાર પટેલ ધ્વારા તા. ૧–૬–૦૮ થી તા. ૧૩–૯–૧૦ દરમ્યાન તેમની દેખરેખ હેઠળ વોર્ડ નં.૪ માં ૧૦૮ મિલ્કતો , વોર્ડ નં.૫ માં ૩૩ મિલ્કતો, વોર્ડ નં.૬ માં ૪૯ મિલ્કતોને વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તા. ૧૩–૯–૧૦ થી આજ દિન સુધી વોર્ડ નં.૧ માં ૫૮ તથા વોર્ડ નં.૧૦ માં ૨૧ મિલ્કતોને વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. તમોએ માંગ્યા મુજબની નકલો મેળવવા રૂા. ૫,૫૯ , ૫૨૦/– (અંકે રૂપિયા પાંચ લાખ ઓગણસાંઠ રજાર પાંચસો વીસ પુરા) સેન્ટ્રલઝોનમાં કચેરીએ જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.સે.ઝઢ ોન/આરટીઆઈ/આ.નં. ૨૬૫૯ તા. ૧૭–૩–૧૨ થી પૂરક માહિતીમા પત્ર નં.સી.ઝે૯/આરટીઆઈ/ આ.નં.૨૬૧૭ તા. ૧૩–૩–૧૨ થી જે માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં કુલ પાના નંગ–૧૦,૭૬૦ ના પ્રતિ પાના નંગ રૂા. ૨/– લેખે રૂા. ૨૧,૫૨૦/– તથા ૧૦૭૬ પ્લાનોના રૂા. ૫,૩૮,૦૦૦/– મળી કુલ રૂા. ૫,૫૯,૫૨૦/– સેન્ટ્રલઝોન કચેરીએ જમા કરાવ્યેથી મળી શકશે. વધુમાં સદર માહિતીની જો તમો રૂબરૂ નિરીક્ષણ કરવા માંગતા હોય તો તેની દિન–૫ (પાંચ) પહેલા કાર્યપાલક ઈજનેરશ્રીને આગોતરી જાણ કરી નિરીક્ષણ કરી શકશો. નિરીક્ષણ માટે ઓફિસ કામકાજના દિવસો દરમ્યાન બપોરે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન રૂબરૂ આવી ચકાસણી કરી જવું. પ્રથમ અડધો કલાક માટે કોઈ ફી નથી ત્યાર બાદ દર અડધા કલાકમાં રૂા. ૨૦/– લેખે ફી ભરપાઈ કરવાની રહેશે. તેવું જાણાવેલ છે.

મુદ્દા ન.(૫)તુષાર પટેલે ૧૯૯૬ માં એસએમસીમાં નોકરી પર જોડાયો છે ત્યારથી આજ સુધી એના પર કોઈ પણ ક્રિમીનલ કેસ છે કેમ અથવા કોઈ પણ પોલીસ સ્ટેશનમાં એના અટકાયતી પગલા લેવાયા છે કેમ તેની સાચી અને ખરી માહિતી વિગતવાર આપશો.

મુદ્દા નં.(૬) તુષાર પટેલ વિરુધ્ધ સુરત શહેરની આમ પ્રજા ધ્વારા કોઈ ફરીયાદ એસએમસીમાં કરી હોય તો તેની તમામ ડોકયુમ.ન્ટની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈ ડી/૨૪૪૦ તા. ૧૭–૩–૧ થી તા. ૧–૪–૧૧ થી ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં તેમના વિરુધ્ધ કોઈ ફરીયાદ થયેલ જણાતી નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૭) તુષાર પટેલની તમામ એસેટ એટલે કે તુષાર પટેલના નામે કેટલી મિલ્કતો છે તેની ફેમીલી ના સભ્યોના નામે કેટલીક મિલ્કતો અને આ કયા કયા લોકેશન પર છે તેની વિગતવાર માહિતી આપશો. (મુવેબલઅને અનમુવેબલ એસટની કોપીઓ)

મુદ્દા નં.૮ તુષાર પટેલના બાળકો કેટલા છે અને કઈ સ્કુલોમાં અભ્યાસ કરે છે અને તેમની ફી ખર્ચ અને વાર્ષિક ખર્ચ કેટલો છે? તેની ફી સ્લીપ સાથેની માહિતી આપશો.

મુદ્દા ન.૯ તુષાર પટેલે મારા મકાન માલિક સાથે મેળાપણી કરી મારા ૬૦ વર્ષ જુના કબ્જા ભોગવટાવાળી જમીન મિલ્કત પર આવી રજાચિઠ્ઠી વાળા બાંધકામ જાણી જોઈ ખોટી અને વાહીયાત પ્રશ્નો કરતો હોય જેની એની ખાતાકીય તપાસ કરી શું કાર્યવાહી કરી છે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી મળેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૧ તા. ૯–૩–૧૨ થી તુષાર પટેલ સામે આજ દિન સુધી અરજીમાં જણાવ્યા બાબતે કાર્યવાહી કરવા માટે કોઈ ફરીયાદ અરજી આવેલ હોવાનુ જણાતું નથી. જેથી કચેરીમાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૧૦ સેન્ટ્રલઝોનમાં ગર્વમેન્ટ પ્લોટો કેટલા છે અને એમાંથી કેટલા ભાડાપટ્ટા વાળા છે અને તે તમામ પર કયા જાતનું બાંધકામ છે યાને આરસીસીનું પાકું બાંધકામ યા કાચું બાંધકામ છે કબ્જેદારોના નામો અને લેટેસ્ટ સ્ટેટસ શુ છે તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં આવેલ ગર્વમેન્ટ પ્લોટોવાળી સર્વે સીટોનું નિરીક્ષણ કરવા તા. ૧૭–૩–૧૨ ના રોજ બપોરે ૪ થી ૬ દરમ્યાન રૂબરૂ આવી ચકાસણી કરી જવું. પ્રથમ અડધો કલાક માટે કોઈ ફી નથી. ત્યાર બાદ દર અડધા કલાકમાં રૂા.૨૦/– લેખે ફી ભરપાઈ કરવાની રહેશે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૧૧ તુષાર પટેલ ઈજનેર છે તો એને એસએમસીમાં નોકરી પર જોડાતી વખત એના અભ્યાસ (ડીગ્રી) અને તમામ અભ્યાસના સર્ટીફીકેટ સરકાર માન્ય ધરાવતા એના અભ્યાસની તમામ ડોકયુમેન્ટની માહિતી અમોને આપશો.

મુદ્દા નં.૧૨ તુષાર પટેલે ખાસ કરીને ઝાપા બજાર બેગમપુરામાં કઈ કઈ ગેરકાયદેસર મિલ્કતો બાબતે કારણદર્શક નોટીસ અને મનાઈ હુકમ આપેલ અને પછી શું કાર્યવાહી કરી છે તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી. શકાય. તેવું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મધ્યસ્થ મહેકમને લાગુ પડતા મુદ્દા અંગે અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૦૫ તા. ૧૩–૩–૧૨ થી માહિતીના પાના નંગ–૮ પ્રતિ પાના દીઠ રૂા. લેખે રૂા. ૧૬/– ભરપાઈ કર્યેથી માહિતી મળી શકશે. તેવું જણાવેલ છે. તેમજ જાહેર માહિતી અકિારી ટ્રાફીક સેલ તરફથી મુદ્દા નં.૨ થી ૧૨ તેઓને લાગુ પડતા નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા. ૧૮–૨–૧૨ ના રોજ સેન્ટ્રલઝોન ધ્વારા આ.નં.૨૬૧૭ થી મુદ્દા નં.૧ માં પોતાના કારા કારનામા પર્દાફાશ નહીં થાય અને ભ્રષ્ટાચાર બધા સામે નહીં આવે તે અંગે ઈરાદાપૂર્વક વિગતવાર માહિતી લખ્યા વગર ૫,૫૯, ૫૨૦/– ભરપાઈ કરવા જણાવેલ છે આ રીતે સાબિત થાય છે કે સેન્ટ્રલઝોનના અધિકારીઓએ કાયદાની કેવી મજાક ઉડાવી છે તેવી રજૂઆત કરેલ છે અને તેવા અધિકારી વિરુધ્ધ પગલા ભરી ખાતાકીય કાર્યવાહી કરી વિના મૂલ્યે માહિતી આપવા હુકમ કરવા તેમજ ખર્ચ સેન્ટ્રલઝોનના ભ્રષ્ટ અધિકારીના પગારમાંથી કાપી કાયદાકીય કાર્યવાહી કરી અને કાયદાનું સન્માન જળવાય રહે તેવી આગળની કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. ત્યાર બાદ અરજદારે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ૫,૫૯,૫૨૦/– ભરપાઈ કરી માહિતી બાબતે ૨૩–૩–૧૨ ના રોજ સુમપાને એક ઈમેલ ધ્વારા પણ જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે અત્રેથી મુદ્દા નં. ૧૦ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર તપાસણી માટે ગયેલ કે કેમ ? તે સામે મુદ્દા નં. ૧ અંગે તપાસણીની કોઈ રજુઆત કરેલ કે કેમ ? તે વિગત સહ તેમનો પક્ષ રજૂ કરવા સાથે જો અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો મુદ્દાવાર, આધાર સહ તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી મુદ્દા નં.૧૦ કે ૧ ની તપાસણી બાબતે કે અપીલ દરમ્યાન મળેલ માહિતી અંગે તેમનો પક્ષ રજૂ કરેલ નથી. અરજદારે અપીલમાં જણાવેલ આ.નં. ૨૬૧૭ તા.૧૩–૩–૧૨ થી મુદ્દા નં.૧ ની માહિતી ૫,૫૯,૫૨૦/– જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવ્યાનું જણાવેલ છે પરંતુ તે મુદ્દા નં.૧ નહીં પરંતુ ૪ છે વધુમાં અરજદારે અપીલ સાથે રજૂ કરેલ તેવા જવાબમાં પણ મુદ્દા નં.૪ થી આપેલ જવાબ અંગે રીમાર્કસ કરેલ છે અને તેમાં જ તેનો સમાવેશ થાય છે. ત્યાર બાદ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૨૬૫૯ તા. ૧૭–૩–૧૨ થી સદરહુ મુદ્દા અંગે વિગતવાર પાનાની સંખ્યા તેઓ દર અને પ્લાનોની સંખ્યા અને તેની રકમ તથા કુલ રકમ જણાવેલ છે સાથે સાથે અરજદારને નિરીક્ષણ કરી માહિતી મેળવવાનો વિકલ્પ પણ આપેલ છે. અરજદારે મુદ્દા નં.૪ માં તમામ પુરાવા રજાચિઠ્ઠી વિગેરે ડોકયુમેન્ટની માહિતી માંગેલ છે આથી જાહેર માહિતી અધિકારીએ માહિતી અંગેનુ વિવરણ રજૂ કરી વિગતો જણાવેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર તપાસણી કરી પોતાના ખપ પૂરતી દસ્તાવેજી નકલો મેળવી શકે છે. અને પોતાના આર્થિક ભારણ ઘટાડી અને માહિતી મેળવી શકે છે. અરજદારે અપીલમાં તા.૧૩–૩–૧૨ થી ૨૭૯ મિલ્કતો જણાવેલ છે જયારે અરજદારે તેમના તા. ૨૬–૩–૧૨ ના પત્રથી અપીલ તબકકે પુનઃ કરેલ રજૂઆતમાં તા. ૧૭–૩–૧૨ માં ૧૦૭૬ મિલ્કતો જણાવેલ છે અને ૮૦૦ મિલ્કતનો ફેર પડી જાય છે તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી આપેલ વિગતો જોતાં તા. ૧૩–૩–૦૯ માં ૨૭૯ મિલ્કતો જણાવેલ છે જયારે તા. ૧૭–૩–૧૨ માં ૧૦૭૬ પ્લાનોની વિગત જણાવેલ છે. આમ અરજદારે મિલ્કતોનના આંકડાને પ્લાનોના આંકડા સાથે સરખાવીને કરેલ ૮૦૦ મિલ્કતો ફેર પડવાની રજૂઆત સુસંગત નથી. તથા સેન્ટ્રલઝોનના માહિતી અધિકારી કોણ? ડી. એમ. પટેલ કે એમ ડી. દારૂવાલા? તેવા પ્રશ્ન બાબતે અરજદારને તા.૧૩–૩–૧૨ ના રોજ આપવામાં આવેલ માહિતી ઈ. ચા. જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે જે તેમના સહીના હોદ્દા ઉપર જણાવેલ છે જે ડી. એમ. પટેલ છે જયારે તેમને તા. ૧૭–૩–૧૨ થી આપેલ માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીએ આપેલ છે જે પણ માહિતી આપતા પત્રમાં હોદ્દો જણાવેલ છે. વધુમાં અરજદારે માહિતી વિના મૂલ્યે માંગણી કરેલ છે જે નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડેલ હોય તેમની રજૂઆત કાયદા સાથે સુસંગત નથી. વધુમાં અરજદારને માહિતી સમય અવધિમાં આપેલ હોય પગાર કે કાયદાકીય કાર્યવાહીની રજૂઆત પણ આરટીઆઈ ના કાયદા સાથે સુસંગત નથી. ત્યાર બાદ અરજદારે તેના સંદર્ભે કોઈ પ્રયત્ન કરેલ હોય તો અપીલ તબકકે અરજદારની રજૂઆતના મુદ્દા નં.૧ માં જણાવેલ હોય તેમા નિર્દિષ્ટ કરી મુદ્દા નં.૧ અંગે તપાસણીની કોઈ રજૂઆત કરેલ છે કે કેમ? તે અંગે કોઈ પણ પક્ષ રજૂ કરેલ નથી. તેવી રીતે મુદ્દા નં.૧૦ માં પણ તેમનો પક્ષ રજૂ કરેલ નથી. વધુમા અરજદારને મધ્યસ્થ મહેકમ તરફથી તેમને સ્પર્શતા મુદ્દા અંગે રૂા. ૧૬ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પૂરક વિગતોમાં અરજદાર તરફથી નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી તેવું જણાવેલ છે. તેમજ મજકુર કર્મચારીની સર્વીસબુક રેકર્ડની ઝેરોક્ષ પાના નંગ–૩ રજૂ કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૩–૧૨ ધ્યાને લેતાં ૧૯–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૪–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી નિયત સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ હોય જે અનુસાર અરજદાર ઈચ્છુક હોય તો નાણા ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૧૦ બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર રૂબરૂ ચકાસણી કરી જરૂરી મુજબની નકલો પ્રસ્તાવમાં જણાવ્યાનુસાર જણાવેલ દરે નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સરવર હુસેન નગદ,